# લોખંડના યુવા વેપારીના અપહરણ વીથ લુંટના આરોપી પકડાયા

## મુખ્ય આરોપીને પ્રેમીકા સાથે વાતચીત કરવી ભારે પડી, મોઈનને હિંમતનગરથી દબોચી લીધો, બનાવ બાદ આરોપી અજેમર જતો રહ્યો હતો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતેથી સ્ક્રેપના યુવા વેપારીના અપહરણ વીથ લુંટના ગુનાનો ભેદ સેકટર-૨૧ પોલીસે ઉકેલી દીધો છે. સર્વેલન્સની ટીમે હિંમતનગરથી મુખ્ય આરોપી મોઈન શેખને દબોચી લીધો હતો. બનાવ બાદ આરોપી અજમેર ભાગી જતો રહ્યો હતો. જો કે આરોપી તેની પ્રેમીકા સાથે સતત સંપર્કમાં રહેતા પોલીસે મોબાઈલ સર્વેલન્સના આધારે પકડી પાડ્યો હતો. ત્યારબાદ તેની પુછતાછ કરતા વસીમ શેખ અને સોહિલ કુરેશીની પણ પેથાપુર-દહેગામ ખાતેથી પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓને પકડી પાડી ગુનામાં વપરાયેલી સ્વીફ્ટ ડીઝાયર કિં.રૂ.૬ લાખ, હથીયાર, તેમજ રૂ.૮૦ હજારનો સોનાનો દોરો, સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી બપોરના બાર વાગ્યાના અરસામાં રાજ સ્ક્રેપ ટ્રેડર્સ ના વેપારી મોહમંદ ઈમરાન ઉર્ફે રાજા નું ગત તા.૨૫ ફેબુઆરીના રોજ અપહરણ થયુ હતું. વ્હાઈટ સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં અપહરણ તેના જ ડ્રાઈવર મોઈન તેમજ તેના બે મિત્રોએ ભેગા મળીને કર્યું હતું. દહેગામ, કપડવંજ, બહીયલ કેનાલ ખાતે યુવા વેપારીને હાથપગ બાંધીને ઢોર માર મારી



ગરદન પર છરો મુકી મારી નાંખવાની ધમકી આપી વેપારીની બે તોલાની સોનાની ચેઈન, એટીએમમાંથી રોકડ રૂ.૨૫ હજાર તેમજ ખીસ્સામાં રહેલા રોકડ રૂ.૪ હજાર પડાવી લઈ જો કોઈને વાત કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી તેઓ ફરાર થઈ ગયા હતા. આ બનાવનો ગુનો સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. પોલીસે આરોપીઓના ફોન નંબરના આધારે તપાસ શરુ કરી હતી. જયારે મુખ્ય આરોપી મોઈન પકડાય નહી તે માટે મોબાઈલ નંબર અને ફોન બદલતો હતો. જો કે મોઈન તેની પ્રેમીકા સાથે સંપર્કમાં છે તેની બાતમી મહાવીર સિંહ અને પ્રશાંત શ્રીકાંતને મળી હતી. જેથી પોલીસે વારંવાર બદલાતા મોબાઈલ નંબર અને ઈએમઈઆઈ નંબર તેમજ લોકેશન પર સતત વોચ ગોઠવાઈ હતી. જેને પગલે મુખ્ય આરોપી મોઈન શેખ અજમેર હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસની એક ટીમ અજમેર પહોંચી ગઈ હતી. જો કે મોઈન ગુજરાત આવવા માટે નીકળી ગયો હતો. જેને પગલે પોલીસ પણ અજમેરથી પરત ફરી હતી. હિંમતનગર હાઈ વે પરથી ખાનગી વાહનમાં મુસાફરી કરતા આરોપીને પકડી પાડ્યો હતો.ત્યારબાદ પોલીસે વધુ બે આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.જેમાં મુખ્ય આરોપીની પુછપરછ દરમિયાન વસીમમીયાં યુસુફમીયાં શેખને પેથાપુર અને સોહિલ અમનઉલ્લા કુરેશીને દહેગામથી પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલી કાર, છરો, સોનાનો દોરો, રીકવર કરીને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફેન્સીંગ વર્લ્ડકપની ભારતીય ટીમમાં ગાંધીનગર જિલ્લાની રીતુ ચૌધરીની પસંદગી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના હિંમતપુરાની દિકરી રીતુ ભરતભાઈ ચૌધરીએ રાષ્ટ્રીય ફલક પર ઉત્કૃષ્ઠ દેખાવ કરી ફેન્સીંગ વર્લ્ડકપ માટેની ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યુ છે. આગામી તા. ૧૮ થી ૨૩ માર્ચ ૨૦૨૧ દરમ્યાન રશિયાના કઝાન ખાતે યોજાનાર ફેન્સીંગ વર્લ્ડકપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ મેળવનાર રીતુ ગુજરાતની પ્રથમ ફેન્સીંગ ખેલાડી બનશે.

રીતુ ચૌધરીએ ફેન્સીંગ રમતની શરૂઆત ૨૦૧૪માં જે.એમ. ચૌધરી શાળામાં અભ્યાસ દરમ્યાન ગુજરાત સ્પોર્ટસ એકેડમીમાં ફેન્સીંગ કોચ ભરતજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ ફેન્સીંગ રમતની શરૂઆત કર્યા પછી ૨૦૧૬માં અખિલ આંજણા કેળવણી મંડળ સ્પોર્ટસ એકેડમી એકેડમીમાં તાલીમ મેળવી હતી. આ પછી રાજ્ય સરકારની ડી.એલ.એસ.એસ. યોજના હેઠળ ઈનસ્કુલ ટેલેન્ટ ખેલાડી તરીકે કોચ કિંજલબેન અને ટ્રેનર હાર્દીકજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી ૨૦૧૮ થી રાજ્ય સરકારની



ફેન્સીંગ એકેડમીમાં નડીયાદ ખાતે તાલીમ મેળવી રહી છે.

રીતુ ચૌધરી ૭ વર્ષથી સતત નિયમિત ફેન્સીંગની તાલીમ મેળવી છેલ્લા ૫ વર્ષથી તે સતત રાજ્યકક્ષાએ ચેમ્પીયન રહી છે અને રાષ્ટ્રીયસ્તરે વિવિધ સ્પર્ધાઓમાં સારો દેખાવ કરી મેડલ મેળવ્યો હતો. ગત વર્ષે સિનિયર ફેન્સીંગ ચેમ્પીયનશીપમાં છઠ્ઠો અને જુનિયર ફેન્સીંગ ચેમ્પીયનશીપમાં પાંચમો રેન્ક તેમજ ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી ફેન્સીંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ તથા ખેલો ઈન્ડીયા યુનિવર્સિટી ગેમ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. રીતુ પોતાના સાતત્ય સભર પર્ફોમન્સને કારણે વર્લ્ડકપ જેવી મોટી ઈવેન્ટ માટે ભારતીય ટીમમાં પસંદગી પામેલ છે.

### આજે ગુજકોસ્ટ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવશે

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી - ગુજકોસ્ટ જે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્ય કરે છે તે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે ૮મી માર્ચે સવારના ૧૧ થી ૧૨.૩૦ કલાકે 'વિજ્ઞાન વડે જીવન બચાવવું' વિષયે ઈન્ટરેક્ટિવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનો હેતુ સમાજ-રાષ્ટ્રને સેવા પૂરી પાડવા માટે કન્યાઓ અને મહિલાઓમાં વૈજ્ઞાનિક પ્રકૃતિનું સર્જન કરવાનો છે. કાર્યક્રમમાં વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગ વિજ્ઞાની ડૉ. રશ્મી શર્મા, એલ.ડી. કોલેજ ઓફ એન્જિનયરીંગના ડૉ. આર.કે ગજ્જર, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ડૉ, જાગૃતિ પ્રજાપતિ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના રિસર્ચના ડીન ડૉ. પ્રિયંક શર્મા, નેશનલ ફોરેન્સિક સાયંસ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. પૂજા આહુજા જેવી મહિલા અગ્રણીઓ અને માર્ગદર્શકો ભાગ લેનારાઓ સાથે પર વાર્તાલાપ કરશે.

# નિવૃત્ત અધ્યાપકો સાતમા પગાર પંચના લાભોથી વંચિત

ગાંધીનગર, તા.૭

રાજયની જુદી જુદી યુનિવર્સિટી અને કોલેજોમાંથી નિવૃત્ત થનાર અધ્યાપકોને અનેક રજૂઆતો બાદ પણ સાતમા પગારપંચનો લાભ મળતો નથી. આ પ્રશ્ન અંગે અનેકવાર લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં તેનો ઉકેલ આવ્યો નથી.

અખિલ ગુજરાત યુનિ. અને કોલેજ પેન્શનર્સ સમાજના જુદી જુદી ફેકલ્ટીના ૩૫૦૦ કરતા વધારે અધ્યાપકમિત્રો તેના સભ્યો છે. સાતમું પગારપંચ તા. ૧-૧-૨૦૧૬થી અમલમાં આવ્યું હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે પાંચ વર્ષ જેટલો લાંબો સમય પસાર થઈ ગયો હોવા છતાં પેન્શનર્સ સમાજના અધ્યાપકોને આનો લાભ મળ્યો નથી. છેલ્લા ત્રણ વર્ષથી પેન્શનર્સ સમાજ દ્વારા વારંવાર લેખિત રજૂઆતો તથા વિવિધ અધિકારીઓ જોડે રૂબરૂ મુલાકાતો ગોઠવવા છતાં કોઈ હકારાત્મક વલણ સરકાર તરફથી દાખવવામાં આવ્યું નથી. આવી વિલંબકારી નીતિને કારણે રાજકોટ શહેરના આશરે ૧૦ જેટલા નિવૃત્ત અધ્યાપકમિત્રો, આચાર્યો તથા વલસાડ જિલ્લાની કોલેજના ૪૦ જેટલા અધ્યાપકો/આચાર્યો દ્વારા સ્વતંત્ર રીતે ન્યાય મેળવવા હાઈકોર્ટમાં રીટપીટીશન કરવી પડી છે. સાતમું પગારપંચ મેળવવાની આતુરતાથી રાહ જોઈ રહેલા નિવૃત્ત અધ્યાપકોની ઉંમર આશરે ૭૫ વર્ષથી વધુ છે.

વારંવાર આ પ્રશ્નના ઉકેલ માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હોવા છતાં નિવૃત્ત અધ્યાપકો સાતમા પગારપંચના લાભોથી વંચિત રહ્યા છે.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ તથા દાતરડાનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં ગાઢ ખાતે ૮૫ લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખા, ચા, બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે ૪૬ વિધવા બહેનોને ખેતી માટે દાતરડા આપવામાં આવ્યા હતા. બે બહેનોની દિકરીઓનું લગ્ન હોવાથી સ્ટીલનો વાસણ મુકવાનો ઘોડો તથા કુકર આપવામાં આવ્યા હતા. રૂદ્રેશ્વર મહાદેવ પાસે અને ભેટાલી ચાર રસ્તા પાસે પણ ચોખા-ચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાકાર્યમાં પ્રવિણ વધાસીયા, અમૃતભાઈ પ્રજાપતિ, મિલિંદભાઈ, શાર્દુલ અને ભીમજીભાઈનો સહકાર મળ્યો હતો.

### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના કેટલાક અધિકારીઓએ ડાયેટીંગ શરૂ કર્યુ છે.
- ગાંધીનગર શહેર ભાજપના કેટલાક નેતાઓએ કોરોના વેક્સીનેશનનો પહેલો ડોઝ લઈ લીધો છે અને લોકોને રસી લેવા માટે સોશ્યલ મિડિયા દ્વારા અપીલ કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસના કેટલાક નેતાઓ ટુંકમાં આપમાં જોડાઈ રહ્યાની વાતને લઈ શહેરનું રાજકારણ ગરમાયુ છે. જ્યારે બે કાઉન્સીલરો ભાજપમાં જોડાવાની વાતો જોરશોરથી ચાલે છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧-૧૦-૧૭ થી ૩૦-૯-૨૦ સુધીના ગાળામાં ૯૮ જેટલા પશુચોરીના કિસ્સાઓ નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં એક જ સપ્તાહમાં પાંચ હજાર જેટલા ૬૦ વર્ષથી ઉપરની વયના લોકોનું વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.
- આજે વિશ્વ મહિલા દિનની ઉજવણીને લઈ શહેરભરમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. રાજ્યકક્ષાનો કાર્યક્રમ મહાત્મા મદિર, ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાશે.
- ૧૦ મી માર્ચ સુધીમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રીએ પહોંચી જશે અને આ પછી ઉનાળો વધુ આકરો બનશે તેમ મનાઈ રહ્યુ છે.
- જિલ્લામાં ઘઉંના પાકની ટેકાના ભાવે ખરીદી માટે આજથી રજીસ્ટ્રેશનનો પ્રારંભ થશે જે ૩૧ માર્ચ સુધી ચાલશે.


